એકેડેમિક બેંક ઓફ ક્રેડિટમાં નર્મદ યુનિ. દેશભરમાં મોખરાના સ્થાને પહોંચી

નર્મદ યુનિવર્સિટી 5.21 લાખ નોંધણી સાથે અવ્વલ નંબરે આવી

સુરતઃ નવી એજ્યુકેશન પોલિસીની એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ(એબીસી)માં વિદ્યાર્થીઓની અભ્યાસલક્ષી માહિતીની નોંધણીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ સમગ્ર દેશભરની મોટાગજાની યુનિ.ને પછાડી મોખરાનું સ્થાન અંકે કરી લીધુ છે.

ભારત દેશની સેન્ટ્રલ, સ્ટેટ અને પ્રાઇવેટ મળી કુલ 1127 યુનિવર્સિટીઓને પાછળ છોડી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં સૌથી વધુ 5 લાખ 21 હજાર જેટલા વિદ્યાર્થીઓની એબીસી આઇ.ડી તૈયાર કરી પ્રથમ ક્રમે પહોચી ગઇ છે. જ્યારે 4 લાખ 95 હજાર જેટલા વિદ્યાર્થીઓની નોંધણી સાથે ઇગ્નુ(ઇન્દિરા ગાંધી ઓપન નેશનલ યુનિવર્સીટી) બીજા ક્રમે રહી છે. એબીસી નોંધણીની વાત કરીએ તો દિલ્હી યુનિવર્સિટી, બરેલી યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીઓ રહેતા સમગ્ર દેશમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ નવું મુકામ સર કરી લીધું છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ જૂલાઇ-2021થી જ વિદ્યાર્થીઓની એબીસી આઇ.ડી તૈયાર કરી તેમની અભ્યાસલક્ષી વિગતોની નોંધણી કરવાની શરૂઆત કરી હતી. જેમાં હાલમાં શૈક્ષણિક વર્ષ 2023-24નાં બીજા સત્રનાં પ્રારંભમાં જોવા જઇએ તો દેશમાં એબીસી આઇ.ડી તૈયાર કરવામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પ્રથમ ક્રમે રહી છે. દેશમાં કુલ જોવા જઇએ તો 56 સેન્ટ્રલ યુનિવર્સિટી, 482 જેટલી રાજ્યકક્ષાની સ્ટેટ યુનિવર્સિટીઓ, અને 465 પ્રાઇવેટ યુનિવર્સિટીઓ ઉપરાંત 124 જેટલી ડિમ્ડ યુનિવર્સિટીઓ મળી કુલ 1127 યુનિવર્સિટીમાં સૌથી વધુ 5 લાખ 21 હજાર કરતા વધારે વિદ્યાર્થીઓની નોંધણી કરીને નંબર વન મેળવ્યો છે. જ્યારે 4 લાખ 95 હજાર વિદ્યાર્થીની નોંધણી સાથે ઇન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી બીજા ક્રમે રહી છે.

એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ એટલે શું ?

એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) એવું ડિજિટલ પ્લેટફોર્મ છે જ્યાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક ક્રેડિટના રેકોર્ડને ડીજીટલ ફોર્મેટમાં કાયમ માટે સ્ટોર કરવામાં આવે છે, એટલું જ નહીં પણ વિદ્યાર્થીઓને તેમના શિક્ષણને વધુ ફ્લેક્સિબલ બનાવવામાં મદદરૂપ બને છે. એબીસી થકી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી તેઓ કઇ કોલેજમાં કેટલું ભણ્યા, અને ક્યાં ક્યા કૌશલ્યલક્ષી કોર્ષની તાલીમ મેળવી તે તમામ બાબતોની ડિટેઇલ અહીં એકત્ર કરવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ સરળતાથી કોલેજ ટ્રાન્સફર, અને અધુરો અભ્યાસ આગળ વધારવા, ટ્રાન્સક્રિપ્ટ કઢાવવા પણ આસાની રહેશે.

યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની સંખ્યા

વીએનએસજીયુ 5,21,118, ઇગ્નુ 4,95,083, દિલ્હી યુનિવર્સિટી 2,60,903, મોલાના આઝાદ, વેસ્ટ બંગાળ 1,28,191, જ્યોતિબા ફુલે, યુનિ. બરેલી 1,23,058, આંબેડકર ઓપન યુનિ. હૈદરાબાદ 1,03,164, યશવંતરાવ ચૌહાણ, નાશિક 88,559, એસ.આર.એમ ઇન્સી. ચેન્નાઇ 85,928, પારૂલ યુનિવર્સિટી, વડોદરા 84,323, શિવાજી યુનિ.કોલ્હાપુર 71,497.

હજીરા-ગોથાણ નવી રેલવે લાઈનનાં વિરોધમાં

અસરગ્રસ્તોએ ખેતીનાં સાધનો સાથે કલેક્ટર કચેરીએ વિરોધ નોંધાવ્યો

વાંસવા-દામકા ગામના ખેડૂતો કલેક્ટર કચેરીએ મોરચો લાવ્યા

સુરતઃ ગોથાણ ગામથી હજીરા ગામ સુધી કેન્દ્ર સરકાર દ્વારા વાંસવા અને દામકા ગામમાં ખેતીની જમીન અને રહેણાક વિસ્તારોનું સંપાદન કરવામાં આવી રહ્યું છે. આ રેલવે લાઈનમાં વાંસવા અને દામકા ગામની ખેતીલાયક જમીનો સંપાદિત કરવાને કારણે ખેડૂતોમાં રોષ ફાટી નીકળ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે, તેમની પાસે પરિવારજનોના ગુજરાન માટે આ એકમાત્ર ખેતીની જમીન જ આવકનો સ્ત્રોત છે. જ્યારે ગોથાણ-હજીરા સ્પેશિયલ રેલવે રૂટ માટે વાંસવા અને દામકા ગામ ખાતે હજારો હેક્ટર પડતર જમીનો ઉપલબ્ધ હોવા છતાં તંત્ર દ્વારા ખાનગી જમીનમાંથી આ રેલવે લાઈન બિછાવવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. હજીરા કાંઠા વિભાગ સહકારી મંડળીના પ્રમુખ દીપક પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતો દ્વારા રેલવેના વહીવટી તંત્રને જીઓ ટેગિંગના કો-ઓર્ડિનેટ્સ સાથે વૈકલ્પિક રૂટ સૂચવવામાં આવ્યો છે. જેમાં સરકારી ખાર જમીનો અને પડતર જમીનોનો સદુપયોગ થઈ શકે તેમ છે અને ખેડૂતોના આજીવિકાના સાધનસમાન ખેતરોના સંપાદનની પણ જરૂર પડતી નથી.

જૂની પેન્શન યોજના માટે શિક્ષકોની 'રીલે હંગર સ્ટ્રાઈક'

ગુજરાત રાજ્ય કર્મચારી સંયુક્ત મોરચાના નેજા હેઠળ દક્ષિણ ઝોનના શિક્ષક કર્મચારીઓનો કામરેજમાં વિરોધ

કામરેજઃ જૂની પેન્શન યોજના મુદ્દે કર્મચારી સંયુક્ત મોરચા (દક્ષિણ ઝોન)ના નેજા હેઠળ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ તથા ગુજરાત રાજ્ય સરકારી કર્મચારી મહામંડળનાં સંયુક્ત ઉપક્રમે 'રીલે હંગર સ્ટ્રાઈક' કાર્યક્રમ દાદા ભગવાન મંદિર ખાતે યોજાયો હતો, જેમાં દક્ષિણ ઝોનના તમામ જિલ્લામાંથી ખૂબ જ મોટી સંખ્યામાં શિક્ષક ભાઈ-બહેનો સહિત અન્ય કર્મચારીમિત્રો ઊમટી પડ્યાં હતાં.

આ અંગે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી અને ગુજરાત રાજ્ય સરકારી કર્મચારી મહામંડળના પ્રમુખ સતીષ પટેલે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર સરકારે જૂની પેન્શન યોજના પ્રમાણે કર્મચારીઓને લાભ આપવાની જાહેરાત કરી છે તેને આવકારી જણાવ્યું હતું કે, સરકાર દ્વારા 2005 પહેલાનાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા માટેની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ આજદિન સુધી અમારી માંગણી વિલંબિત છે.

સરકાર લાખો કર્મચારીઓના હિતમાં તત્કાળ નિર્ણય કરે તેવી અમારી પ્રબળ માંગણી છે. તેમણે હુંકાર કર્યો હતો કે, જો અમારી માંગણીઓ ન સંતોષાય તો આવનારા દિવસોમાં અમારી આશ્ચર્યજનક જલદ કાર્યક્રમો આપવાની તૈયારીઓ છે.

સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને સદર કાર્યક્રમના દક્ષિણ ઝોનના કન્વીનર એવા કિરીટ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં કુલ ચાર ઝોનમાં આ ધરણાંનો કાર્યક્રમ તા.૪થી 11 જાન્યુઆરી દરમિયાન યોજવામાં આવી રહ્યો છે. જેની શરૂઆત દક્ષિણ ઝોન (સુરત)થી થઈ રહી છે. જૂની પેન્શન યોજના પુનઃ લાગુ કરવાની માંગણી સાથે સોમવારે આ ધરણાં કાર્યક્રમમાં સુરત, તાપી, નર્મદા, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાંથી પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો સહિત અન્ય કર્મચારીમંડળના હોદ્દેદારો ઉપરાંત મોટી સંખ્યામાં પ્રાથમિક શિક્ષક ભાઈ-બહેનો અને કર્મચારીઓએ ઉપસ્થિત રહી આંદોલનનો શંખનાદ ફૂંક્યો હતો.

માંગરોળ તાલુકાના ઉદ્યોગપતિઓના કલાકો ટ્રાફિકમાં વેડફાઈ જાય છે

માંગરોળ તાલુકા ઇન્ડસ્ટ્રીઝ વેલફેર એસોસિએશનની પોલીસ અને તંત્ર સાથે બેઠક

સુરતઃ માંગરોળ તાલુકામાં એકમો ધરાવનાર ઉદ્યોગકારોના કલાકો ટ્રાફિકમાં વેડફાય રહ્યા છે. જે અંગે માંગરોળ તાલુકા ઇન્ડસ્ટ્રીઝ વેલફેર એસોસિએશનની હાઇવે ઓથોરિટી, ટ્રાફિક પોલીસ અને જિલ્લા વહીવટી તંત્ર સાથે બેઠક યોજી વિરોધ નોંધાવ્યો હતો. બેઠકમાં હાજર એસોસિએશનનાં પ્રમુખ જવાહર ગોંડલિયા, ઉપપ્રમુખ સંજય અગ્રવાલ, સેક્રેટરી પ્રવીણ ડોંગા અને નીતિન શાહે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં મોટી સંખ્યામાં ઉદ્યોગો ચાલે છે. ટ્રાફિકની સમસ્યાને લીધે કારખાને પહોંચવું અને ઘરે પરત ફરવા માટે કલાકોનો સમય વેડફાઈ રહ્યો છે.

આ કારણોસર ટ્રાફિક જામ થતો હોવાની રજૂઆત

(1) ચોર્યાસી ટોલ પ્લાઝાના બંને તરફના બે ગેટ બંધ છે, તે તાત્કાલિક ખોલવા જોઈએ (2) ફાસ્ટ ટેગ સ્કેનિંગની સિસ્ટમ ખૂબ જ ધીમી છે, જે ટ્રાફિકમાં ઘણો વધારો કરે છે (3) સ્કેનિંગ ડિટેક્શન સિસ્ટમને અપગ્રેડ કરી અને તેને ઝડપી બનાવવી જોઇએ (4) GJ 05, GJ 19 અને લોકલ NOC ધરાવતી ટ્રેનો માટે ડેડિકેટેડ ટ્રેક આપવામાં આવે, (5) ચોર્યાસી ટોલ પ્લાઝાની બંને બાજુએ સ્પીડ બ્રેકર લગાવવામાં આવ્યા છે જે ઓછા કરવા જોઇએ (6) પીપોદ્રાની મોટી કેનાલ પરનો સર્વિસ રોડ બંને તરફ અધૂરો છે, તે તાકીદે પૂર્ણ કરવો જોઇએ. (7) તાપી નદીના પુલ પર જોઈન્ટ પર લગાવેલી લોખંડ પ્લેટ કામચલાઉ કામ તરીકે કામ કરવી જોઈએ. (8) રાત્રે 8 વાગ્યા પછી મોટી સંખ્યામાં ખાનગી પ્રવાસી બસો ટ્રાફિક જામ સર્જે છે. (9) કીમ ચાર માર્ગ પર પુલની નીચે બંને તરફ એક-એક કટ ખોલવો જરૂરી છે

કેજરીવાલ-ભગવંત માને જેલમાં ચૈતર વસાવા દંપતી સાથે 30 મિનીટ વાતો કરી

લોકસભા માટે ઉમેદવાર જાહેર કર્યા બાદ ચૈતર વસાવા દંપતી સાથેની કેજરીવાલ અને માનની મુલાકાતને પગલે રાજકારણમાં ગરમાટો

ભરૂચઃ ડેડીયાપાડાના AAP ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં ગુજરાત આવેલા આમ આદમી પાર્ટીના સંયોજક તેમજ દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને રાજપીપળા જિલ્લા જેલમાં ચૈતર વસાવા અને તેમનાં પત્ની શકુંતલા વસાવા સાથે મુલાકાત કરી હતી. આ બંને મુખ્યમંત્રી સાથે ચૈતર વસાવાનાં બીજાં પત્ની વર્ષા વસાવા, ચૈતર વસાવાનાં સાસુ અને સાળા એમ કુલ પાંચ લોકોએ જેલમાં મુલાકાત લીધી હતી.

સામાન્ય વ્યક્તિની જેમ જ બંને મુખ્યમંત્રીઓએ મુલાકાતી રૂમમાં મુલાકાત કરી હતી. અરવિંદ કેજરીવાલ અને ભગવત માને ચૈતર વસાવા તેમજ તેમનાં પત્ની શકુંતલા વસાવા સાથે ૩૦ મિનિટ વાત કરી હતી. ઉલ્લેખનીય છે કે ગઇ તા.૭ જાન્યુઆરીએ નેત્રંગમાં AAP ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં યોજાયેલી જાહેર સભામાં અરવિંદ કેજરીવાલે મહત્ત્વની જાહેરાત કરતા ચૈતર વસાવાને આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભરૂચ બેઠકના ઉમેદવાર જાહેર કર્યા હતા. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે, જો ચૈતર વસાવાને જામીન નહીં મળે તો જેલમાંથી જ તેમને લોકસભા ચૂંટણી લડાવીશું.

2019માં ફરિયાદો થઈ ત્યારે ખાંડ નિયામક જાગ્યા હોત તો કાંઠા સુગર બચી ગઈ હોત

NCDC, રજીસ્ટ્રાર અને ખાંડ નિયામકને 2019માં ફરિયાદ કરવામાં આવી હતીઃ જશવંત પટેલ

સુરતઃ શ્રી કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. સરસ, તા-ઓલપાડનાં પ્રમુખ, ઉપપ્રમુખ અને એમડી.ના ગેરવહીવટ અંગે મંડળીના સ્થાપક સભાસદ જશવંતભાઈ ડાહ્યાભાઈ પટેલ દ્વારા મુખ્યમંત્રી, સહકારમંત્રી, ખાંડ નિયામક અને સુરતનાં જિલ્લા રજિસ્ટ્રારને કાંઠા સુગરની નબળી સ્થિતિ અંગે તલસ્પર્શી તપાસ યોજવા માંગ કરવામાં આવી છે. મંડળીના સ્થાપક સભાસદો પૈકીના એક જશવંતભાઈ ડાહ્યાભાઈ પટેલ દ્વારા NCDC, રજીસ્ટ્રાર અને ખાંડ નિયામકને 2019માં ફરિયાદ કરવામાં આવી હતી. પણ સરકારી તંત્રોએ ફરિયાદોને રાજકીય દબાણને લીધે ધ્યાને લીધી ન હતી. જો NCDC, ખાંડ નિયામક અને 2019માં સુરતનાં જિલ્લા રજીસ્ટ્રાર રહેલા અધિકારીઓએ કાર્યવાહી કરી હોત તો 76,000 સભાસદો ધરાવતી સુગર મંડળી બચી ગઈ હોત.

તારીખ-૧૮/૦૬/૨૦૧૯ના રોજ ખાંડ નિયામક ગાંધીનગરને અને તા.૦૬/૦૬/૨૦૧૯નાં રોજ જિલ્લા રજીસ્ટ્રાર સુરતને પણ ફરિયાદ કરી હતી. એ અગાઉ (NCDC)ને પણ ધિરાણની મૂડી બચાવવા ફરિયાદ કરવામાં આવી હતી. સભાસદો જશવંત ડાહ્યાભાઈ પટેલ અને મહેશ હરજીવનભાઈ કેવડિયાએ હવે મુખ્યમંત્રી, સહકાર મંત્રી, ખાંડ નિયામક અને સુરતનાં જિલ્લા રજીસ્ટ્રારને ફરી લેખિત ફરિયાદ કરી તાત્કાલિક વહીવટદાર મુકવા માંગ કરી છે. બંને આગેવાનોએ જણાવ્યું હતું કે, આ મંડળીમાં ગેરવહીવટ ચાલતો હોવાની ડોક્યુમેન્ટ સાથેની ફરિયાદ પર પક્ષાપક્ષીથી દૂર રહી એક્શન લેવાયા હોત તો આજે કાંઠા સુગર જેવી સમૃદ્ધ મંડળી ખેડૂતોની શેરડીના નાણાં ચૂકવી શકી હોત.

અનુસંધાન ... પાના છેલ્લાનું

મોદી ગુજરાત...

મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ વર્ષ 2003માં આયોજિત વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે સર્વસમાવેશક વૃદ્ધિ અને સાતત્યપૂર્ણ વિકાસ માટે વ્યાવસાયિક જોડાણ, જ્ઞાન વહેંચણી અને વ્યૂહાત્મક ભાગીદારી માટેના સૌથી પ્રતિષ્ઠિત વૈશ્વિક મંચોમાંના એક તરીકે વિકસ્યું છે. વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું દસમું સંસ્કરણ 10થી 12 જાન્યુઆરી, 2024 દરમિયાન ગુજરાતનાં ગાંધીનગરમાં યોજાઈ રહ્યું છે. તેની થીમ 'ગેટવે ટુ ધ ફ્યુચર' છે. સમિટની આ દસમી આવૃત્તિ વાઇબ્રન્ટ ગુજરાતને સફળતાના શિખર સંમેલન તરીકે ઉજવશે.

આ વર્ષની સમિટ માટે 34 ભાગીદાર દેશો અને 16 ભાગીદાર સંગઠનો છે. ઉપરાંત પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રાલય વાયબ્રન્ટ ગુજરાત પ્લેટફોર્મનો ઉપયોગ પૂર્વોત્તર ક્ષેત્રોમાં રોકાણની તકો પ્રદર્શિત કરવા માટે કરશે.

સમિટમાં ઇન્ડસ્ટ્રી 4.0, ટેકનોલોજી અને ઇનોવેશન, સસ્ટેઇનેબલ મેન્યુફેક્ચરિંગ, ગ્રીન હાઇડ્રોજન, ઇલેક્ટ્રિક મોબિલિટી અને રિન્યૂએબલ એનર્જી તથા સસ્ટેઇનેબિલિટી તરફ ટ્રાન્ઝિશન જેવા વૈશ્વિક સ્તરે પ્રસ્તુત વિષયો પર સેમિનાર અને કોન્ફરન્સ સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શોમાં કંપનીઓ વર્લ્ડ ક્લાસ સ્ટેટ ઓફ ધ આર્ટ ટેકનોલોજીમાંથી બનેલી પ્રોડક્ટ્સનું પ્રદર્શન કરશે. ઇ-મોબિલિટી, સ્ટાર્ટ-અપ્સ, એમએસએમઇ, બ્લૂ ઇકોનોમી, ગ્રીન એનર્જી અને સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા કેટલાક સેન્ટર્સ સેક્ટર્સ ટ્રેડ શોમાં સામેલ છે.

UAE પ્રિન્સને...

યોજવાની લીલી ઝંડી આપી નથી. જેના પગલે હવે એરપોર્ટથી ઈન્દિરા બ્રીજ સુધીનો રોડ શો યોજાનાર છે. યુએઈના રાષ્ટ્રપતિ પ્રમુખ પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તા.10મી જાન્યુ.ના રોજ યુએઈના રાષ્ટ્રપતિ સાથે પીએમ મોદી વાઈબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન કરશે.

પીએમ મોદી તા.10મીએ બપોરે હેલિપેડ ગ્રાઉન્ડ પર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શોનું પણ ઉદ્ઘાટન કરશે. તેઓ ટોચની વૈશ્વિક કોર્પોરેશનોના સીઈઓ સાથે બેઠક કરશે. તેમજ પ્રધાનમંત્રી ગીફ્ટ સિટી ખાતે ગ્લોબલ ફિનટેક લીડરશિપ ફોરમમાં અગ્રણી બિઝનેસ લીડર્સ સાથે વાર્તાલાપ કરશે. આ માટે 2 દિવસ પીએમ મોદી ગુજરાતના પ્રવાસે છે. તેઓ ગ્લોબલ ટ્રેડ શોનું તો 10 જાન્યુઆરીએ વાઈબ્રન્ટનું ઉદ્ઘાટન કરશે. ત્યારે વાઈબ્રન્ટ ગુજરાતમાં યુએઈના પ્રેસિડેન્ટ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રોટોકોલ તોડશે. યુએઈના પ્રમુખ - રાષ્ટ્રપતિનું આવતીકાલે એરપોર્ટ પર આગમન થશે. પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રોટોકોલ તોડી પ્રધાનમંત્રી મોદી તેઓને આવકારવા એરપોર્ટ ખાતે ઉપસ્થિત રહેશે.

અમદાવાદમાં પ્રધાનમંત્રી મોદી આ અગાઉ વિશ્વના ઘણા દેશના રાષ્ટ્રાધ્યક્ષો સાથે રોડ શો કરી ચુક્યા છે. જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ, જાપાનના તત્કાલિન પ્રધાનમંત્રી શિન્જો આબે, ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂનો સમાવેશ થાય છે.

બ્લુટુથ બેંચ...

ચાર વાગ્યાની આસપાસ તેમના લીલા કલરના પીટ્રોન બ્રાન્ડ લખેલા પાકિટની અંદર બ્લુટુથ ડિવાઈસ બેંચ ઉપર રાખ્યું હતું. વર્ગ નિરીક્ષક પારૂલ પટેલે તે જોતા આ ડિવાઈસ તરત જ તેઓએ પોતાના કબ્જામાં લીધું હતું. આ યુવતીની પૂછપરછ કરતા તેઓ યોગ્ય પ્રત્યુતર આપી શકયા ન હતા.

મીનાક્ષી પટેલ કોસાડ આવાસ બ્લોક નંબર 10માં રહે છે.

ખાનગી સહિત...

મુજબ કોઈપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કે માનસિક ત્રાસ આપી શકાશે નહીં. વિદ્યાર્થીઓને શાળામાં સલામત અને બાળ મૈત્રીપૂર્ણ વાતાવરણ પૂરું પાડવું એ આપણી સૌની ખાસ જવાબદારી અને ફરજ છે. જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં આવી ઘટના ન બને તે માટે શાળાના શૈક્ષણિક કર્મચારીઓને પુનઃસૂચના આપવાની રહેશે અને બને તેટલી તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી.

સરકારની કડક જોગવાઇ વચ્ચે પણ જિલ્લાની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શારીરિક શિક્ષા તથા માનસિક ત્રાસ આપવા અંગેની ઘટનાઓ કચેરીના ધ્યાનમાં આવી હતી. આવી ઘટના ખૂબ જ દુઃખદ અને નિંદનીય છે. જેનાથી બાળકોમાં ભયની માનસિકતા વિકાસ પામે છે અને છેવટે શાળામાં આવવાનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. આથી આવી ઘટના કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં.

સુરતનું તાપમાન...

છે. વિતેલા ચોવીસ કલાકમાં મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો અને લઘુત્તમ તાપમાનમાં 1 ડિગ્રીનો વધારો નોંધાયો છે. જ્યારે 48 કલાકમાં મહત્તમ તાપમાન 3.1 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 2.4 ડિગ્રી વધારો નોંધાયો છે. આજે મહત્તમ તાપમાન 31.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 19.4 ડિગ્રી નોંધાયું હતું. શહેરમાં આજે 5 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમનો પવન ફુંકાયો હતો. આ સાથે જ પૂર્વ અને પશ્ચિમના પવનને કારણે રાજ્યના કેટલાક વિસ્તારમાં માવઠાની પણ સંભાવના છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં વાદળછાયા વાતાવરણની આગાહી છે. આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

ઉધના બ્રિજ...

ઓવરબ્રિજ ઉતરતી વખતે તેઓની બાઈક સામે રખડતું કૂતરૂં આવી ગયું હતું. જેથી યોગેશભાઈએ પોતાની બાઈકનું સંતુલન ગુમાવી દેતા તેઓ અને તેમની પત્ની રસ્તે પટકાયા હતા. જેમાં પતિ-પત્નીને ઈજા પહોંચી હતી. સોમવારે સવારે યોગેશભાઈને દુખાવો વધવા લાગ્યો હતો. જેથી યોગેશભાઈનો મિત્ર રાહુલ તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈને આવ્યા હતા.

યોગેશભાઈએ જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે તે પત્ની પ્રિયંકાને બાઈક ઉપર લઈને બહાર જમવા માટે જઈ રહ્યા હતા. તે ઉધના ખાતેનો ફ્લાય ઓવરબ્રિજ ઉતરતા હતા ત્યારે અચાનક તેમની બાઈક આગળ એક કુતરૂં આવી આવી ગયું હતું.

બુલેટ ટ્રેનઃ મહારાષ્ટ્રમાં જમીન સંપાદનનું કામ 100 ટકા પૂર્ણ

ગુજરાતના તમામ 8 એચએસઆર સ્ટેશન વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, આણંદ, વડોદરા, અમદાવાદ અને સાબરમતી સ્ટેશનો માટે ફાઉન્ડેશનની કામગીરી પૂર્ણ

સુરતઃ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મહારાષ્ટ્રમાં પણ જમીન સંપાદનની કામગીરી 100 ટકા પૂર્ણ થઈ ગઈ છે. આ સાથે ગુજરાત,મહારાષ્ટ્ર અને દાદરાનગર હવેલીમાં જમીન સંપાદનનું કામ 100 ટકા પૂર્ણ થઈ ચૂક્યું હોવાથી હવે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ વધુ ઝડપથી થશે. અત્યાર સુધીમાં વાયડક્ટ પુલ માટે 120.4 કિલોમીટરના ગર્ડલ લોન્ચ થઈ ગયા છે.

ગુજરાત અને મહારાષ્ટ્ર માટે તમામ સિવિલ કોન્ટ્રાક્ટરોને કોન્ટ્રાક્ટ અપાઈ ગયા છે. આખા પ્રોજેક્ટના વાયડક્ટ પુલ માટે 120.4 કિ.મી. ના ગર્ડરને લોન્ચ કરવામાં આવ્યા છે અને 271 કિ.મી.નું પિયર કાસ્ટિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. ગુજરાત, દાદરાનગર હવેલી અને મહારાષ્ટ્રમાં 100% જમીન સંપાદન કાર્ય પૂર્ણ થયું છે. જાપાનીઝ શિંકનસેનમાં ઉપયોગમાં લેવાતી એમએએચએસઆર કોરિડોર ટ્રેક સિસ્ટમ માટે પ્રથમ રિઈન્ફોર્સ્ડ કોંક્રિટ (આરસી) ટ્રેક બેડ પાથરવાની શરૂઆત સુરત અને આણંદમાં થઈ ગઈ છે. ભારતમાં પહેલીવાર જે-સ્લેબ બેલાસ્ટલેસ ટ્રેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ભારતની પ્રથમ 7 કિલોમીટરની દરિયા નીચેનું રેલ બોગદું કે જે મહારાષ્ટ્રમાં બીકેસી અને શિલફાટા વચ્ચે 21 કિલોમીટર લાંબા બોગદાંનો એક ભાગ છે, તેના માટે કામનો શુભારંભ થઈ ચૂક્યો છે. મુંબઈ એચએસઆર સ્ટેશનના નિર્માણ માટે ખોદકામનું કામ શરૂ કરવામાં આવ્યું છે. વિવિધ રાજ્ય અને અલગ-અલગ સ્તરે કાર્ય પ્રગતિમાં છે. ગુજરાતમાં વાયડક્ટ પુલની કુલ લંબાઈ 352 કિલોમીટર છે. ગુજરાતના તમામ 8 એચએસઆર સ્ટેશન (વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, આણંદ, વડોદરા, અમદાવાદ અને સાબરમતી) પર કામગીરી નિર્માણના વિવિધ તબક્કાઓ હેઠળ છે. તમામ 8 એચએસઆર સ્ટેશનો માટે ફાઉન્ડેશનની કામગીરી પૂર્ણ થઈ છે. વાપી સ્ટેશન - રેલ લેવલ સ્લેબ (200 મીટર)નું કામ પૂર્ણ થયું છે. બીલીમોરા સ્ટેશન - 288 મીટરના રેલ સ્તરના સ્લેબનું કાસ્ટિંગ પૂર્ણ થયું છે. સુરત સ્ટેશન - કોન્કોર્સ સ્લેબ અને રેલ લેવલ સ્લેબ (450 મીટર)નું કામ પૂર્ણ થયું છે. પ્લેટફોર્મ લેવલ સ્લેબનું કાસ્ટિંગ શરૂ થયું છે અને 557 મીટર કાસ્ટિંગ કરવામાં આવ્યું છે. આણંદ સ્ટેશન - કોન્કોર્સ સ્લેબ અને રેલ સ્તરનો સ્લેબ (425 મીટર) પૂર્ણ થયો છે. 124 મીટરનો પ્લેટફોર્મ લેવલ સ્લેબ પૂર્ણ થયો છે. અમદાવાદ સ્ટેશન - કોન્કોર્સ સ્લેબ (435 મીટર)નું કામ પૂર્ણ થયું છે.સુરત ડેપો - ફાઉન્ડેશન અને સુપર સ્ટ્રક્ચરના કામો પૂર્ણ થઈ ગયા છે. સાબરમતી ડેપો - ખોદકામ પૂર્ણ થયું છે; ઓએચઈ ફાઉન્ડેશનનું કામ ચાલુ છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ

CINU40102GJ2003SGC042909

ભરૂચ- ગ્રામ્ય વિભાગીય કચેરી,

મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ-૩૯૨૦૧૨

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

Azadi Ka Amrit Mahotsav

વિજપુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા દહેજ પેટા વિભાગીય કચેરીના માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલ વીજફીડરો પર સબડીવીઝન કચેરીનું અગત્યનું સમારકામ હોવાથી તેમાંથી વિજપુરવઠો મેળવતા તમામ વિજગ્રાહકોને તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વિજ પુરવઠો મળી શકશે નહીં. કામ પુરું થયેથી બીજી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વિજપુરવઠો ચાલુ કરવામાં આવશે, જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ/વાર	સમય
૧	૬૬ કેવી દહેજ	તમામ ૧૧ કેવી ફીડરો	દહેજ	૮૭૫૮૩ ૩૮૨૧૪	૧૨.૦૧.૨૪/શુક્રવાર	૦૭:૦૦ થી ૧૪:૦૦

કાર્યપાલક ઈજનેર (સં. અને નિ.) ગ્રામ્ય વિભાગીય કચેરી, ભરૂચ દ.ગુ.વિ.કં.લિ.,